રાજ્યમાં કોરોનાના નવા કુલ ૧૨૨ કેસ નોંધાયા

૨૪ કલાકમાં ૩ના મોત : આજે રાજ્યમાં ૩,૭૭,૪૩૯ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું : ૩૮૬૦ લોકો સ્ટેબલ : ૩૫૨ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૨૬

રાજ્યમાં હવે કોરોના લગભગ કાબુમાં આવી ચુક્યો છે. સરકારનાં કડક નિયમન અને રસીકરણના પગલે દિનપ્રતિદિન કોરોનાના કેસમાં ઘટાડો પણ આવી રહ્યો છે. આજે રાજ્યમાં કુલ ૩,૭૭,૪૩૯ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું. તો બીજી તરફ કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યામાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા ૯૮.૩૧ ટકાએ પહોંચી છે.

રાજ્યમાં આજે કોરોનાનાં નવા ૧૨૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૫૨ દર્દીઓ સાજા થયા. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૮,૦૯,૨૦૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.જો એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ રાજ્યમાં કુલ ૩૮૮૩ કેસ એક્ટિવ છે. જે પૈકી ૨૩ લોકો વેન્ટિલેટર પર છે. ૩૮૬૦ લોકો સ્ટેબલ છે. ૮૦૯૨૦૧ લોકોને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ કરવામાં આવી ચુક્યા છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૦૪૮ લોકોનાં મોત થઇ ચુક્યા છે. આજે કોરોનાને કારણે કુલ ૦૩ લોકોનાં મોત નિપજ્યાં છે, તો બીજી તરફ રસીકરણનાં મોરચે પણ સરકાર દિવસેને દિવસે મજબુત બનતી જઇ રહી છે. હેલ્થકેર અને ફ્રન્ટ લાઈન વર્કર્સ પૈકી ૨૮૮ને પ્રથમ અને ૨૦૫૮૯ વર્કર્સને બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારે ઉંમરના લોકો પૈકી ૫૦૯૯૨ને પ્રથમ ડોઝ અને ૬૭૧૬૬ લોકોને બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. જ્યારે ૧૮થી ૪૫ વર્ષનાં નાગરિકો પૈકી ૨૧૯૫૮૪ને પ્રથમ ડોઝ અને ૧૮૮૪૦ને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે.

રથયાત્રાની તૈયારીઓ શરૂ

રથનું સમારકામ હાથ ધરાયું : જગન્નાથજીની રથયાત્રાને લઈને શહેરમાં ભારે ઉત્સુકતા : દર વર્ષે અખાત્રીજે મુહૂર્ત કરીને આ કામગીરી શરૂ કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે મોડું કામ શરૂ કરાયું

અમદાવાદ, તા.૨૬

કોરોનાની બીજી લહેરમાં રથયાત્રા યોજાશે કે નહિ તે અંગે હજી નિર્ણય લેવાયો નથી. ગત વર્ષે મંદિરના પ્રાંગણમાં સેવકોની હાજરીમાં રથયાત્રા કાઢવામાં આવી હતી. પરંતુ આ વર્ષે ભક્તોની લાગણી છે કે રથયાત્રા નીકળે. આ અંગે અનેક લોકોએ રથયાત્રા નીકળે તેવી માગણી પણ કરી છે. ત્યારે ભગવાન જગન્નાથની ૧૪૪ મી રથયાત્રાને લઈને અમદાવાદ જગન્નાથ મંદિરમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભગવાનના રથનું સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. ભગવાન જે રથમાં બેસી નગરચર્યા કરવા નીકળશે તે રથનું સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. ભગવાનના રથના સમારકામની કામગીરી દર વર્ષ કરતા મોડી શરૂ કરવામાં આવી છે. દર વર્ષે અખાત્રીજે મુહૂર્ત કરી કામગીરી શરૂ કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે મોડું કામ શરૂ કરાયું છે.

આ વર્ષે કોરોનાના કારણે ૩ મજૂરો જ કામ કરી રહ્યા છે. રથના સમારકામમાં ૫ થી ૭ દિવસ લાગશે. કેમ કે રથને ખોલી ગ્રીસ અને ઓઈલીગ કરવાનું છે. સાથે જ કલર કામ પણ કરવાનું છે. બીજી તરફ, સમારકામનું કામ પણ ખલાસી મિત્રો દ્વારા કરવામાં આવે છે. દર વર્ષે ૧ રથ ખેંચવા માટે ૪૦૦ ખલાસી મિત્રો જોડાય છે, પરંતુ આ વર્ષે કોરોનાના કારણે માત્ર ૫૦ ખલાસીઓ રથ ખેંચશે તેવી તૈયારી પણ બતાવી છે. જ્યારે બીજી તરફ ભગવાન જગન્નાથની ૧૪૪ મી રથયાત્રા નીકળશે કે નહીં તે અંગેનો કોઈ જ નિર્ણય સરકાર દ્વારા લેવાયો નથી.

સરસપુર વાસણ શેરી ખાતે આવેલ રણછોડરાય મંદિરમાં મહંત લક્ષ્મણદાસજીએ રથયાત્રા નીકળે તેવી માંગણી કરી છે. મહંત લક્ષ્મણદાસજી મહારાજે કહ્યુ કે, મને મૃત્યુ આવતું હોય તો ભલે આવે પણ રથયાત્રા નીકળવી જોઈએ. રાજ્યમાં કોરોનાનો કહેર ઘટ્યો છે. સરકારી નિયંત્રણ ઓછા થયા છે. મોલ મલ્ટીપ્લેક્સ અને સિનેમા હોલને ખોલવાની સરકારે પરમિશન આપી છે, તો રથયાત્રા પણ નીકળવી જોઈએ. સરકારે કર્ફ્યુ કે જનતા કર્ફ્યુ જે મૂકવું હોય એ મૂકે પણ રથયાત્રા કાઢે. જો સરકાર રથયાત્રાને પરમિશન નહિ આપે તો કડક પગલાં લેવા પડશે. શું પગલાં લેવા તે સંતો ભેગા મળીને નક્કી કરીશું. કોરોનાને કારણે મંદિરો ગૌશાળા અને તેના પૂજારી તથા સંચાલકોની હાલત કફોડી છે. હજી સરકારે કોઇ મંદિર કે ગૌ શાળાની મુલાકાત નથી લીધી કે, તેમની શુ સ્થિતિ છે. પૂજારીનો પગાર કેમ થાય છે તે ચિંતા કરી નથી. જો રથયાત્રા નીકળશે તો મંદિર સાથે સંકળાયેલા ફુલ, હારતોરા અને પૂજાપા જેવા નાના વ્યવસાયકારોને રોજગારી મળશે.

રાજ્યવ્યાપી અનાજ કૌભાંડનો પર્દાફાશ : આઠની ધરપકડ

૪૯ આરોપીઓ પૈકી ૨૦ સસ્તા અનાજની દુકાનના સંચાલકો સામેલ

અમદાવાદ,તા.૨૬

રાજ્યમાં સરકાર દ્વારા ગરીબોને આપવામાં આવતું સસ્તું અનાજ બારોબાર સગેવગે કરવાનું રાજ્યવ્યાપી કૌભાંડ બહાર આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૪૯ કાળાબજારિયાઓ સામે ગુનો નોંધીને આઠ કૌભાંડીઓની ધરપકડ કરી છે. આરોપીઓ નકલી સોફ્ટવેર બનાવી તેમાં ડેટા કોપી કરી લેતાં હતા. જેઓ અનાજ લેતા ન હતા તેઓના નામે અનાજ લઈ વેચી દેતાં હતા. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઇલ લેપટોપ, સીપીયુ સહિત રૂપિયા ૧.૬૪ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપીઓએ જે ગ્રાહક અનાજ લેવા માટે ન આવે તે લોકોના ફિંગરપ્રિન્ટ અને ડેટા સોફ્ટવેર મારફતે કોપી કરી લેતા અને તે ડેટા તારીખ જતી રહ્યા પછી અપડેટ થઈ જાય તો તેને આધારે અનાજ બરોબર સગેવગે થઈ જતું હતું. હાલ આ રાજ્યવ્યાપી કૌભાંડ મોટી કંપનીઓ સાથે કનેક્ટ હોવાની શંકા પોલીસ નકારી રહી નથી.

ગરીબ લોકોને મળતું અનાજ બરોબર વેચવાના કૌભાંડમાં ઓનલાઈન બિલ બનાવવામાં આવતું હતું. દિપક ઠાકોર એમ.એસસી આઈટી ભણેલો છે જેને આ કૌભાંડમાં ઉપયોગ લેવા માટે સોફ્ટવેર બનાવી આપ્યું હતું. વચેટિયાને પણ રૂપિયા આપવામાં આવતા હતા. આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓ અગાઉ મામલતદાર કચેરીમાં ડેટા ઓપરેટર તરીકે કામ કરતા હતા.

પોલીસ તપાસમાં આરોપીઓ સસ્તા અનાજના દુકાનદારો તેમજ વચેટિયાઓ સાથે મળી સસ્તા અનાજની દુકાનમાં જે રેશનકાર્ડ ધારકો મહિને અનાજ ખરીદ કરેલ ન હોય તેવા રેશનકાર્ડ ધારકના નામે આર્થિક ફાયદો મેળવવા ખોટા ઓનલાઈન બીલો બનાવવા આયોજનબદ્ધ રીતે કાવતરું ઘડ્યું હતું અને ખોટા ઓનલાઈન બીલો પણ બનાવ્યા હતા. જેમાં રેશનકાર્ડ ધારકનું નામ, સરનામું, રેશનકાર્ડ નંબર, આધાર કાર્ડ નંબર, આંગળાની પ્રિન્ટનો ડેટા જેવા સર્વર સોફ્ટવેર બનાવી તેમાં આ ડેટા કોપી કરી રાખી તેનો ઉપયોગ કરતા હતા.

દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા આજે સુરત આવશે

સુરત,તા.૨૬

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન ૨૭ જુલાઈએ રવિવારે સુરત આવશે. સુરતમાં તેમના આગમનને લઈને તૈયારીઓ ચાલી રહી છે. સુરતમાં મનીષ સિસોદિયા ૧૨ વાગ્યે પત્રકાર પરિષદ યોજશે. તો બીજી તરફ તેઓના આગમનમાં સુરતના અનેક જાણીતા નામ આપ પાર્ટીમાં જોડાઈ તેવી ચર્ચાઓ ઉઠી છે. ઉલ્લેખનીય છે કે, મનીષ સિસોદિયા અગાઉ ૨૪ જૂનના રોજ સુરત આવી રહ્યા હતા, પરંતુ તેમની તબિયત નાદુરસ્ત થતા તેઓનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો.

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાના સુરત પ્રવાસને લઈને સોશિયલ મીડિયામાં ભારે ચર્ચાએ જોર પકડ્યું છે. મનીષ સિસોદિયાની અધ્યક્ષતામાં સુરતના કેટલાક જાણીતા ચહેરાઓ આપનો ખેસ પહેરશે તેવી શક્યતામાં જોવાઈ રહી છે. સોશિયલ મીડિયા ઉપર સુરત શહેરના રાજકારણમાં નવાજૂનીના એંધાણની પોસ્ટ મૂકી રહ્યા છે. કોણ કોણ આપમાં જોડાશે તેને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

સવારે ૭ કલાકે સુરત એરપોર્ટ પર આગમન, ૭.૩૦ વાગ્યે સર્કિટ હાઉસ ખાતે આગમન, ૧૨ વાગ્યે પત્રકાર પરિષદ યોજશે, સાંજે ૪ થી ૬ દરમિયાન કાર્યકતાઓ સાથે બઠક યોજશે. સાંજે ૭ વાગ્યે સુરત એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

આ વર્ષે પણ શાળાની ફીમાં ૨૫ ટકા માફીનો લાભ મળશે

સરકાર દ્વારા શાળાઓને પણ ફી વધારો ન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીએ એક રાહત આપતી જાહેરાત કરી છે. વાલીઓને ગત વર્ષની જેમ આ વર્ષે પણ ૨૫ ટકા ફીની રાહત મળશે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા નવો નિર્ણય લેવામાં ના આવે ત્યાં સુધી ૨૫ ટકા ફી માફીની રાહત યથાવત રહેશે. આ ઉપરાંત સરકાર દ્વારા સલાહ આપવામાં આવી છે કે જે વાલીઓ એક સાથે ફી ન ભરી શકે તેવા વાલીઓને શાળા સંચાલકોએ બોલાવીને હપ્તા કરી આપવા જોઈએ.

વાલીઓ માટે આ ચોક્કસપણે રાહતના સમાચાર છે, પરંતુ સરકારની આ જાહેરાત પછી ખાનગી શાળા સંચાલક મંડળે વિરોધ વ્યક્ત કર્યો છે. ખાનગી શાળાના સંચાલકો દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, સરકાર ચાલુ વર્ષ માટે જો આ પ્રકારનું જાહેરનામું બહાર પાડશે તો કાયદાકીય લડત કરવામાં આવશે. નોંધનીય છે કે કોરોનાને કારણે શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઓનલાઈન ચાલી રહ્યું છે. આ કારણે ગયા વર્ષે વાલીઓએ ફીમાં રાહત આપવાની માંગ કરી હતી અને સરકાર દ્વારા ૨૫ ટકા માફી આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

સરકાર દ્વારા શાળાઓને પણ ફી વધારો ન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ વર્ષે પણ કોરોનાને કારણે સ્કૂલો બંધ છે અને ઓનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે ત્યારે વાલીઓએ ૫૦ ટકા ફી માફીની જાહેરાત કરવાની રજુઆત સરકાર સમક્ષ કરી હતી. આ રજુઆતને લઈને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, ૨૫ ટકા ફી માફીની અગાઉ જે જાહેરાત કરવામાં આવી હતી તેનો અમલ હાલમાં પણ ચાલુ રહેશે અને સરકાર દ્વારા નવો નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી રાહત ચાલુ રહેશે.

ક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્કમાં રાજકોટે ૪ સ્ટાર મેળવ્યા

દેશના ૧૨૬ શહેરમાંથી માત્ર ૯ને ૪ સ્ટાર રેટિંગ : ગુજરાતમાંથી રાજકોટ ઉપરાંત અમદાવાદ અને સુરતની પણ પસંદગી કરાઈ

રાજકોટ,તા.૨૬

ક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્કએ ભારતીય શહેરોમા ટેક્લાયમેટ (આબોહવા)ને લગતા પરિમાણો પરનું પ્રથમ પ્રકારનું શહેર આકારણીનું માળખું છે. હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલયે ફેબ્રુઆરી

૨૦૧૯માં તેની શરૂઆત કરી હતી. ક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક અંતર્ગત શહેરોનું તેમની હાલની ક્લાયમેટની પરિસ્થિતિ અને તે અંતર્ગત ક્લાયમેટ રેસિલિઅન્સ માટે શહેરોએ લીધેલા પગલાંઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જેમાં ૧૨૬ શહેરે ભાગ લીધો હતો. જેમાં ક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્કમાં રાજકોટ શહેરે ૪ સ્ટાર મેળવ્યા છે. ૧૨૬ શહેરમાંથી માત્ર ૯ને ૪ સ્ટાર રેટિંગ મળ્યા છે. તેમજ ગુજરાતમાંથી રાજકોટ ઉપરાંત અમદાવાદ અને સુરતની પસંદગી થઈ છે.

શહેરોને તેમની કામગીરીને આધારે સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે. રાજકોટ શહેરને તેની કામગીરીમા ટેક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક અંતર્ગત ૪ સ્ટાર મળ્યા છે. જે જાહેર કરેલા પરિણામોમાં કોઈ પણ શહેરને મળેલ સૌથી વધુ રેકિંગ છે. રાજકોટે કરેલી તમામ કામગીરીઓમાંથી શહેરના એનર્જી એફિસિએંટ એલઇડી સ્ટ્રીટ લાઈટ પ્રોજેક્ટનો સિટીઝ રેડીનેસરિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજકોટ શહેરે આ મૂલ્યાંકનમાં એસડીસી ફન્ડેડ Capa CITIES પ્રોજેક્ટના સહયોગથી ભાગ લીધો હતો.

ચોમાસાની ઋતુને ધ્યાને લઈને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પ્રિ-મોન્સૂન કામગીરીને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા અને સમીક્ષા કરવા માટે મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ ત્રણેય ઝોનના નાયબ મ્યુનિ. કમિશનર સહિતના અધિકારી સાથે મિટિંગ યોજી હતી. જેમાં શહેરમાં વિવિધ વિસ્તારોમાં પાણી ભરવાના પ્રશ્નો, તેના કારણો અને ઉકેલો સહિતના મુદ્દાઓ પર અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. કમિશનરે ચોમાસામાં શહેરમાં પાણી ભરાવાના પ્રશ્નને અત્યંત ગંભીરતાથી હાથ પર લીધો છે અને તંત્રની કામગીરીમાં કચાશ ના રહે તેના પર ખાસ ભાર મુક્યો હતો.

અમદાવાદમાં વેક્સિનેશનનો ફ્લોપ શો : લોકો રઝળ્યા

ગુજરાતમાં રસીકરણ પૂરજોશમા ચાલી રહ્યુ છે. વેક્સીનેશન માટે હવે લોકો પણ જાગૃત થતા મોટી સંખ્યામાં લોકો વેક્સીન લેવા તૈયાર હોય છે. આવામાં અમદાવાદના સોલા સિવિલ હોસ્પિટલ ખાતે રસીકરણ અભિયાનમાં સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો. અમદાવાદમાં વેક્સિનેશન સેન્ટર પર આયોજનના અભાવે ૧૦૦થી વધુ લોકો લાઈનમાં ધક્કે ચઢ્યા હતા. ટોકન સિસ્ટમ ન હોવાથી સેન્ટર પર ભારે ભીડ જામી હતી. આ ઉપરાંત વેજલપુરના વેક્સિનેશન સેન્ટર પર લોકોએ લાઈનો લગાવી અને વેક્સિન લેવા માટે પડાપડી પણ કરી. ટોકન સિસ્ટમ ન હોવાથી લોકો માટે ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. અમદાવાદમાં ૧ લાખના લક્ષ્યાંકને પહોંચી વળવા પ્રયત્નો શરૂ કરાયા છે.

કોરોનાથી મૃત્યુ પામનાર વિદ્યાર્થીને મરણોપરાંત PhD ડિગ્રી અપાશે

એસપી યુનિ.નો આવકારદાયક નિર્ણય

અમદાવાદ,તા.૨૬

કોરોનાએ ગુજરાતમા અનેક લોકોનો જીવ લીધો છે. જેમા આશાસ્પદ વિદ્યાર્થીઓનો પણ સામેલ છે. અનેક જુવાનજોધ યુવક-યુવતીઓનો કોરોનામાં જીવ ગયો છે. કોરોનાથી મૃત્યુ પામેલા આવા જ એક વિદ્યાર્થીને સરદાર પટેલ યુનિવર્સિટીએ મરણોપરાંત પીએચડીની ડિગ્રી આપવાનો નિર્ણય કર્યો છે. યુનિવર્સિટીના ઈતિહાસમાં પહેલીવાર આવો નિર્ણય કરાયો છે. કોરોનાને કારણે મુકેશ ચૌબે નામના યુવકનું ગત ૨૩ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ મૃત્યુ થયું હતું. મુકેશ ચૌબે અલ્પેશ.એન.પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ સંસ્થાનો વિદ્યાર્થી હતો. તે બાયો ટેકનોલોજી વિભાગમાં પીએચડી કરી રહ્યો હતો. દરિયાઈ લીલ અને શેવાળમાં મળતાં પ્રોટીન ઉપરથી મળતાં હાઈકોબીલીન પ્રોટીન ઉપર રિસર્ચ કરી રહ્યો હતો. જે માનવીની નર્વસ સિસ્ટમ, ચેતાતંતુ અને અલઝામયર જેવા રોગ સામે રક્ષણ આપે છે. જે પ્રમાણિત થયું હતું. ૨૦૧૪ થી તેની પીએચડી ચાલી રહી હતી. મુકેશ ચૌબેની પીએચડી આ વર્ષે પૂરી થવાની હતી. તેના થીસીસ સબમીટ થઈ ગયા હતા. માત્ર વાયવા જ બાકી હતો. પરંતુ તે પહેલા જ કોરોનાની પહેલી લહેરમા તેનુ મોત નિપજ્યું હતી.

ત્યારે હવે યુનિવર્સિટીએ મુકેશ ચૌબેની મરણોપરાંત પીએચડી ડિગ્રી આપવાનુ નક્કી કર્યું છે. તેના ગાઈડ પ્રો. ડો. નીરજકુમાર સિંહે યુનિવર્સિટીને મરણોપરાંત પીએચડી માટે તેના પેપર્સ રજૂ કર્યા હતાં. જેને યુનિવર્સિટીએ માન્ય રાખ્યા છે. આમ, મુકેશ ચૌબેનું પીએચડીનું સપનુ પૂરુ થયુ હતું. આ જાણી તેના માતાપિતાના આંખમાંથી આસુ સરી પડ્યા હતા. પોતાના મૃત દીકરાને પીએચડી થતા જોવાનુ સપનુ તો પૂરુ ન થઈ શક્યુ, પણ તેમને તેની ડિગ્રી મળશે.

ગુનો દાખલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય રીતે ઓનલાઈન માધ્યમથી અરજી આવે એટલે બીજા દિવસે અરજદારે રૂબરૂમાં આવીને આધાર પુરાવા રજૂ કરવાના રહે છે. જેની ચકાસણીનાં અંતે જિલ્લા પોલીસ વડા તેમજ સંબંધિત રેવન્યુ અધિકારીને તેની જાણ કરવામાં આવે છે. ત્યાર બાદ દરેક અરજી પર ગહન ચર્ચા કરવામાં આવે છે. દરેક અરજી પર એસ.પી તેમજ રેવન્યુ અધિકારી સાથે દર પંદર દિવસે મિટિંગ યોજીને તમામ આધાર પુરાવાઓ ચકાસીને લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુનો દાખલ કરવા મંજૂરી આપવામાં આવતી હોય છે.

કલેક્ટર ડો. કુલદીપ આર્ય એ ઉમેર્યું હતું કે, ગાંધીનગર અને કલોલ વિસ્તારમાંથી અરજીઓ વધુ આવતી હોય છે. છેલ્લા ઘણા સમય થી કોરોના કાળ ચાલતો હોવાના કારણે અરજી ઓ સંદર્ભે મિટિંગ થઈ શકતી ન હતી. જેનાં કારણે આવેલી અરજીઓ ના નિકાલની કામગીરી ધીમી પડી ગઈ હતી. પરંતુ હવે પેન્ડીંગ અરજી ઓ પર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મોરપીંછના રંગ

(અનુસંધાન ૪ નું ચાલુ)

આપણે દુનિયાના તમામ કાયદાઓ તોડીને નિર્દોષ હોવાનો, સાચા હોવાનો, સંવેદનશીલ હોવાનો, ખાસ મિત્ર કે સંબંધી હોવાનો દંભ કરીને બધાને છેતરી શકીએ છીએ અથવા નાના મોટા ગેરકૃત્ય, ભ્રષ્ટાચાર, છેતરપીંડી, બનાવટ, ચાલાકી કરતા રહીને રૂપિયા કમાતા રહીએ છીએ. આપણે માનીએ છીએ કે કોઈને ક્યાં કંઈ ખબર પડવાની છે. પણ આજે બધાને બધી જ ખબર પડતી હોય છે અને ઉપરના સેટેલાઈટમાંથી આપણે કેવી રીતે બચી શકીશું ?

પૈસા બાબતમાં એક કહેવત પણ છે કે પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ. આજે સમાજમાં આવા પૈસાના અનેક દાસો છે. જેઓ પૈસા માટે પોતાનું ઝમીર, સ્વમાન, સિદ્ધાંત, નીતિ નિયમ, સંબંધ બધુ જ નેવે મૂકીને સતત પૈસાની પાછળ દોડ્યા કરે છે. પૈસાની ભૂખ તેમની ક્યારેય ઓછી થતી નથી. આવા લાલચી માણસો પૈસો તો અઢળક ભેગો કરી લે છે પણ પોતે પોતાની જાતના અરિસામાં જોઈશે તો તેઓથી તેઓના મિત્રો, સગા સંબંધી જોજનો દૂર હશે. અને જીવનના છેલ્લા વર્ષો શારીરિક પીડામાં અને અનેક પ્રકારના માનસિક ટેન્શનમાં પસાર કરતા હશે. કેમ કે આવા લોકોએ અનેક લોકોના નિસાસાઓ, હાય લીધી હોય છે. અને પ્રકૃત્તિની કોર્ટમાં ''હાય''ની બહું જ મોટી સજા હોય છે. બની શકે તો સૌ કોઈએ આ 'હાય'થી બચવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઈશ્વરે માનવજીવન સત્કર્મ કરવા માટે આપ્યું છે. એકબીજાને સહકાર આપવા, મદદ કરવા, પ્રેમ કરવા અને કોઈની સેવા કરવા માટે આપ્યું છે પરંતુ આપણે એનો વિપરિત ઉપયોગ કરીએ છીએ. જો કે હું તો આવા માણસો વિશે એટલું જ કહીશ કે ''હે ઈશ્વર, તેઓને માફ કરજે, તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે.''

ઘાતક નહિ હોય

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા સંક્રમણથી બનેલી એંટીબૉડીનો સંપૂર્ણપણે નાશ ના કરી દે, ત્યાં સુધી તેનાથી મહામારીની એક નવી લહેર પેદા થવાનો ખતરો નથી. કોરોના વાયરસના એક વધુ સંક્રમક વેરિઅંટને ત્રીજી લહેર પેદા કરવા માટે ૪.૫ની પ્રજનન સંખ્યા સીમાને પાર કરવી પડશે.

તમને જણાવી દઈએ કે હાલમાં જ દેશના મોટા ડૉક્ટરોમાં ગણાતા અને જીનોમ સીક્વેંસર ડૉ. અનુરાગ અગ્રવાલે પણ કહ્યુ હતુ કે કોરોના વાયરસની સંભવિત ત્રીજી લહેરથી ડેલ્ટા પ્લસ વેરિઅંટને કોઈ લેવા-દેવા નથી. પોતાના અભ્યાસનો રિપોર્ટ જાહેર કરીને ડૉ.અનુરાગ અગ્રવાલે જણાવ્યુ, 'અમારી ટીમે મહારાષ્ટ્રમાં ૩૫૦૦થી વધુ સેમ્પલ લઈને તેની સિક્વંસિંગ કરી. આમાં ડેલ્ટા પ્લસ વેરિઅંટના કેસો તો સૌથી વધુ મળ્યા પરંતુ તે એક ટકાથી પણ ઓછા હતા. આવી સ્થિતિમાં હાલમાં એવા કોઈ પુરાવા નથી જેનાથી કહી શકાય કે ડેલ્ટા પ્લસ વેરિઅંટથી મહામારીની ત્રીજી લહેર આવી શકે છે.

વર્લ્ડ રેકોર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા ભારતે ગયા વર્ષે સાત જુલાઈના રોજ એક કરોડ કોરોના ટેસ્ટ કર્યા હતા.એ પછી ટેસ્ટનો આંકડો વધતો રહ્યો હતો.ફેબ્રુઆરી સુધીમાં ટેસ્ટની સંખ્યા ૨૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી.જ્યારે એક જૂન સુધીમાં આ આંકડો ૩૫ કરોડ થયો હતો.જુન મહિનામાં બીજા પાંચ કરોડ ટેસ્ટ થઈ ચુકયા છે.

કાઉન્સિલનું કહેવુ છે કે, દેશમાં ઝડપથી ટેસ્ટિંગના માળખાને અને ક્ષમતાને મજબૂત બનાવવામાં આવી છે.ટેસ્ટમાં વધારાના કારણે કોરોનાના દર્દીઓને ઝડપથી ઓળખી શકાશે અને તેમની તાત્કાલિક સારવાર કરવાનુ પણ શક્ય બનશે.

ભારત ટેસ્ટિંગ, ટ્રેકિંગ, ટ્રેસિંગની નીતિને લાગુ કરવામાં સફળ રહ્યુ છે.જેનાથી કોરોનાના પ્રસારને રોકવામાં મદદ મળશે.દેશમાં કુલ લેબોરેટરીઓની સંખ્યા ૨૬૭૫ થઈ ચુકી છે.જેમાં સરકારી લેબોરેટરીઓની સંખ્યા ૧૬૭૬ જેટલી છે.

દેશમાં છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના નવા ૪૮૦૦૦ જેટલા કેસ સામે આવ્યા છે અને આ દરમિયાન ૧૧૮૩ લોકોના મોત થયા છે.

ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએસ અને પી.એ.ની ધરપકડ બાદ ભાજપના નેતા કિરીટ સોમૈયાએ ટ્વિટ કર્યું હતું કે, વસૂલી કેસમાં અનિલ દેશમુખના સેક્રેટરી સંજીવ પલાંદે અને કુંદન શિંદેની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. મને ખાતરી છે કે આગામી કેટલાક દિવસોમાં અનિલ દેશમુખની ધરપકડ પણ કરવામાં આવશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના દરોડા બાદ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખે કહ્યું કે તેમણે મારી વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે મારા પરિસરની તપાસ કરી છે. આ દરમિયાન મે ઈડી અધિકારીઓને પૂર્ણ સહયોગ આપ્યો છે. દેશમુખે આશા વ્યક્ત કરી કે સત્ય બહાર આવશે. તેમણે જણાવ્યું હતું કે તેઓ ભવિષ્યમાં પણ તપાસ એજન્સીઓને સહયોગ આપવાનું ચાલુ રાખશે. શુક્રવારે ઈડીની ટીમે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના ઘરે દરોડા પાડ્યા હતા. ઈડી ટીમે કલાકો સુધી દેશમુખના ઘરમાં શોધખોળ કરી. મની લોન્ડરિંગના કેસમાં આ દરોડો દેશમુખના નાગપુરમાં આવેલા ઘરે થઈ હતી. ઈડીની ટીમ સાથે સીઆરપીએફના જવાનો સુરક્ષા માટે હાજર હતા. આ સિવાય કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે નાગપુર પોલીસના જવાનો પણ હાજર હતા.